## રત્નત્રયી અથવા ત્રીરત્ન અને સમ્યક્ દર્શન

**પ્રસ્તાવના :**

દ્રવ્યના પાઠમાં આપણે 'હું કોણ છું?' એના પર ચર્ચા કરી. નવતત્વના પાઠમાં આપણે મુક્તિના માર્ગ પર આગળ વધવા જરૂરી શું છે ? એના પર ચર્ચા કરી. હવે મુક્તિના પંથ પર ચાલવા માટે જરૂરી એવી રત્નત્રયી અથવા ત્રિરત્ન શીખીશું. શું સ્વની ઓળખ અને મુક્તિ માર્ગને જાણ્યા પછી તેના પર ચાલવું છે ?

કર્મના આવરણથી આત્માનો આંતરીક સ્વભાવ દબાઈ જાય છે. જૈન ફીલસૂફી માને છે કે જ્યારે આત્મામાંથી બધા કર્મબંધનો છૂટી જાય છે ત્યારે શાશ્વત આનંદની પ્રાપ્તિ થાય છે. આ ફીલસુફી મક્કમ પણે એમ પણ માને છે કે આ બધું વ્યક્તિના પુરુષાર્થથી શક્ય છે. કોઈપણ બીજાની મદદ લેવાની જરૂર નથી. શાશ્વત આનંદ તો જન્મ મરણના ફેરા ટળી જાય ત્યારે મળે છે એટલે કે મુક્તિ મળે ત્યારે. જૈન શાસ્ત્રનો કેન્દ્રીય હેતૂ શુધ્ધ આચારનું પાલન કરતા વિજ્ઞાનનો છે અને વ્યક્તિનું આચરણ મોક્ષ પ્રાપ્ત કરવા માટેનું હોવું જોઈએ. દરેક આત્મા મોક્ષ પ્રાપ્ત કરી શકે છે જો તેઓ તેની શુધ્ધતા અને સર્વોત્તમતા વિશે વિચારે તો.

તત્વાર્થ સૂત્ર નામના જૈનોના પવિત્ર ગ્રંથમાં આચાર્ય ઉમાસ્વાતિજીએ પહેલા જ શ્લોકમાં કહ્યું છે '**સ્મયક્ દર્શન જ્ઞાનચારિત્રણી મોક્ષ માર્ગ.**'

સમ્યક્ દર્શન (સાચી શ્રધ્ધા), સમ્યક્ જ્ઞાન (સાચું જ્ઞાન), સમ્યક્ ચારિત્ર્ય (સાચું આચરણ) સાથે મળીને મોક્ષનો માર્ગ બને છે. આ ત્રણ પાયાના ઘટકોને '**રત્નત્રયી**' કહેવાય છે અથવા જૈનો તેને '**ત્રિરત્ન**' કહે છે.

ત્રણેનું સરખું જ મહત્વ છે. જૈન ધર્મ કોઈ એકને મોક્ષના માર્ગનું સાધન કહી શકે નહી. સાચી શ્રધ્ધાથી જાગૃતિ આવે છે, સચ્ચાઈથી સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે આ જ્ઞાન સાચા આચરણ તરફ દોરે છે અને સાચા આચરણથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. આ ત્રણે વ્યક્તિના જીવનમાં સાથે સાથે જ થવા જોઈએ તોજ તે મુક્તિ માર્ગ પર આગળ વધી શકે છે. આ વિષયમાં જૈન ધર્મ એક સાચી પ્રતિતી કરાવે છે કે જૈનોએ આ ત્રણ ઉપર ભાર મૂકી તેને એક પછી એક વર્તનમાં લાવવા જોઈએ આ વાતને એક ઉદાહરણ દ્વારા સમજીએ. જ્યારે આપણે કોઈ બિમારીની દવા લઈએ છીએ ત્યારે આપણને તે દવા પર ભરોસો હોય જ છે કે આ દવા બિમારીને દૂર કરશે, આપણને એ પણ ખબર છે એ કેવી રીતે લેવી અને એની શું અસર થશે. આ ત્રણે એક સાથે હોવા જરૂરી છે. એવી જ રીતે મુક્તિ મેળવવા માટે આ માર્ગ પર સાચી શ્રધ્ધા, સાચું જ્ઞાન અને તેના પ્રમાણેનું આચરણ ત્રણે જરૂરી છે. આ ત્રણેવ ને જુદા કરવા અશક્ય છે. એજ રીતે મોક્ષ માર્ગ એક સીડી સમાન છે. જેમાં બંને બાજુ મોટા થાંભલા છે અને વચ્ચે નાના નાના ટુકડા છે જેના પગથિયા બને છે. બંને બાજુના થાંભલા છે તે સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ દર્શન છે અને વચ્ચેના પગથિયા એ સમ્યક્ ચારિત્ર છે તેથી ત્રણેવ સાથે હશે તો જ સીડી બનશે અને ચડી શકાશે. બંને બાજુના થાંભલા અને પગથિયા મજબૂત હોવા જરૂરી છે, કોઈપણ એકની

ગેરહાજરી હોય તો સીડી બનવીને ચડવી અશકય છે. સમ્યક્ દર્શન અને સમ્યક્ જ્ઞાન સાથે જ ઉદ્ભવે અને રહે. આ સમયે સમ્યક્ ચારિત્ર હોય પણ અને ન પણ હોય પણ નિશ્ચયથી સમ્યક્ દર્શન અને સમ્યક્ જ્ઞાન વગર સમ્યક્ ચારિત્ર ન ઉદ્ભવે.

હવે સમ્યક્ શું છે ? વ્યવહારીક ભાષામાં સત્ય કે સાચું, પરંતુ સાચું તે છે જે મોક્ષ માર્ગ તરફ લઈ જાય. (પ્રશસ્ત)સમ્યક્ એટલે સાચો સ્વભાવ જે મોક્ષ માર્ગ તરફ લઈ જાય. સમ્યક્ના અનેક અર્થ છે – બીજો સામાન્ય અર્થ છે યર્થાથ અથવા 'જેવું છે તેવું, વધારે નહી, ઓછુ નહી, વિપરીત નહી.'

કોઈ એમ પણ પૂછે કે, સાચી શ્રધ્ધા સાચા જ્ઞાન પહેલા કેમ હોય ? કારણ કે સાચા જ્ઞાન વગર શ્રધ્ધા કેમ થઈ શકે ? તાર્કિક રીતે સાચું જ્ઞાન પહેલા આવે પરંતુ આચાર્ય ઊમાસ્વાતિજી કહે છે કે, આધ્યાત્મના માર્ગમાં જ્ઞાન આવે જ નહી જો સાચી શ્રધ્ધા ન હોય.

**રત્નત્રયી**

| સમ્યક્ દર્શન | સમ્યક્ જ્ઞાન | સમ્યક્ ચારિત્ર |
|---|---|---|
| | ૫ પ્રકારના જ્ઞાન | માર્ગાનુસારી |
| | અનેકાંતવાદ | શ્રાવકાચાર |
| | સ્યાતવાદ | પ્રતિમા |
| | નયવાદ | શ્રમણાચાર |

**સમ્યક્ દર્શન – સાચી શ્રધ્ધા :**

દર્શનના ઘણા અર્થ છે પરંતુ અહી શ્રધ્ધા અથવા માન્યતા છે. એ હવે સ્પષ્ટ છે કે ત્રિરત્નમાંથી જે ઉપર કહ્યું એ પ્રમાણે સાચી શ્રધ્ધા પહેલા આવે છે. એના જ પાયા પર બીજા બે રત્નો અર્થાત સાચું જ્ઞાન અને સાચું આચરણ આવે છે.

**સમ્યકદર્શન ની વ્યાખ્યા :**

**A) પહેલી વ્યાખ્યા :** સાચી શ્રધ્ધાની વ્યાખ્યા તત્વાર્થ સૂત્રમાં નીચે મૂજબ છે. 'તત્વાર્થ શ્રધ્ધાનમ્ સમ્યક્ દર્શનમ્' એટલે 'દ્રવ્ય સ્વભાવથી જેમ એ છે તેમ જ'. બીજા અર્થમાં સાચી માન્યતા એટલે જૈન ધર્મના સાત તત્વો પર સાચી શ્રધ્ધા કોઈપણ જાતની શંકા વગર.

**B) બીજી વ્યાખ્યા:**

૧) જૈન અરિહંતો, તિર્થંકર સર્વજ્ઞ પરમાત્મા છે.

૨) જૈન શાસ્ત્રો સાચા શાસ્ત્રો છે.

3) જૈન ગુરુ સાચા ગુરુ છે.

**C) ત્રીજી વ્યાખ્યા : જેણે મોહનીય કર્મનો અને ૪ પ્રકારના અનંતાનુબંધી કષાયનો નષ્ટ કર્યો છે.**

સમ્યક્ દર્શન બે પ્રકારે પ્રાપ્ત થાય ૧) નિસર્ગ અથવા સ્વભાવિક – બાહય નિમિત વગર પૂર્વના સંસ્કારથી પ્રાપ્ત થાય ૨) અધિગમ અથવા બાહય નિમિતથી જેવા કે ધર્મ શ્રવણ,જિન પ્રતિમા કે જાતિ સ્મરણજ્ઞાનથી પ્રાપ્ત થાય.

**સમ્યક્ દર્શનની જરૂરીયાત :**

એ કહેવું ખૂબ અઘરું છે કે કોઈ વ્યકિતને સમ્યક્ દર્શન થયું છે કે નહી. પરંતુ થોડા માપદંડ છે જેનાથી ખબર પડે છે કે વ્યકિતને સમ્યક્ દર્શન છે કે નહી. આ માપદંડથી વ્યકિત પોતે સમ્યક્ દર્શક છે કે નહી એ જાણી શકે.

**સામાન્ય માપદંડ જે સાબિત કરે છે કે સમ્યક્ દર્શન છે :**

૧) આઠ અંગ હોવા જરૂરી

૨) આઠ ગુણ હોવા જરૂરી

૩) ત્રણ પ્રકારની મુઢતા (અંધશ્રધ્ધા) ન હોવી જોઈએ.

૪) આઠ મદથી મુકત હોવા જોઈએ.

૫) પાંચ પ્રકારના અતિચારથી મુકત હોવા જોઈએ.

**આઠ અંગ :**

૧) નિઃશાંક્તિ અંગ : વ્યકિત સત્યમાં શંકા ન કરે કે જૈન સિધ્ધાંતોમાં શંકા ન કરે.

૨) નિઃકાંક્ષિત અંગ : વ્યકિત એ કોઈ દુન્યવી આનંદમાં આનંદ રાખવો કે માણવો નહી કારણ કે એ કાયમી નથી.અથવા દુન્યવી લાભ માટે ધર્મ ન કરવો.

૩) નિર્વીચીકીત્સા અંગ : શરીરની આશકિત છોડી દેવી જોઈએ કારણ કે એ અશુધ્ધિથી ભરેલું છે અને તેને ત્રણ રત્નો જેવાકે સમ્યક્ દ્રષ્ટિ, જ્ઞાન અને ચારિત્રથી શુધ્ધ કરવું જોઈએ.

૪) અમૂઢ દ્રષ્ટિ અંગ : વ્યકિતએ કોઈ એવા મિથ્યાદર્શી માર્ગ પર ન ચાલવું અને કોઈપણ અંધશ્રધ્ધાથી દૂર રહેવું.

૫) ઉપગુહન અંગ : આધ્યાત્મિક સર્વોચ્ચતા ચાલુ રાખવી અને જ્યારે બીજા શ્રધ્ધાવાળા લોકો તમારી શ્રધ્ધાને નીચી દેખાડે ત્યારે પોતાની શ્રધ્ધામાં વિશ્વાસ રાખવો, બીજાની નિંદા ન કરવી, અન્યને ધર્મ પમાડવો.

૬) સ્થિતીકરણ અંગ : આત્માનું પોતાના લક્ષ પર જ ધ્યાન હોવું જોઈએ. પોતાના વર્તનથી લોકોને સાચી શ્રધ્ધા તરફ દોરવા જોઈએ અને સમયાનુસાર જ્યારે લોકો ગેરદોરવણીથી દૂર જતાં હોય ત્યારે તેમને એ સાચી શ્રધ્ધા વિશે યાદ કરાવવું જોઈએ. અન્યને ધર્મમાં સ્થિર કરવા એટલે સ્થિતીકરણ.

૭) વાત્સલ્ય અંગ : લોકો પ્રત્યે પ્રેમ રાખવો, આધ્યાત્મિક પરિપક્વતાથી તેમની સાથે ઉષ્માભર્યો વર્તાવ કરવો અને તેમના આરામનો ખ્યાલ રાખવો.

૮) પ્રભાવના અંગ : જૈન ધર્મના નિયમો, શાસ્ત્રો વગેરે લોકોને કહેવાની સમજાવવાની હિંમત રાખવી. ધાર્મિક અનુષ્ઠાન ગોઠવી સમય સમય પર સાચો રસ્તો દેખાડવો.

**આઠ ગુણ :**

૧) શમ અથવા પ્રશમ : કષાયો મંદ થવા, સમતાભાવમાં રહેવું

૨) સંવેગ (મોક્ષ માર્ગની તૃષ્ણા)

૩) નિર્વેદ (ભૌતિક સુખ તરફ અણગમો)

૪) અનુકંપા (કરુણા)

૫) આસ્થા (શ્રધ્ધા)

આ પાંચ ગુણ મુખ્ય છે જેમાં શમ એ સૌથી પ્રધાન ગુણ છે અન્ય ત્રણ ગુણ નીચે પ્રમાણે છે.

૬) નિંદા થી(ચાડી)પર

૭) ગરર્હા (પસ્તાવો)

૮) વાત્સલ્ય (દયાભાવ સાથેનો પ્રેમ) કોઈક ગ્રંથોમાં પહેલા પાંચ ગુણનો જ ઉલ્લેખ છે.

**ત્રણ મુઢતા :**

જૈન શાસ્ત્ર પ્રમાણે સાચી શ્રધ્ધા મુઢતાથી મુક્ત હોય છે.

૧) લોક મુઢતા : પવિત્રતા વિશે ખોટી માન્યતા જેમ કે, નદીમાં ન્હાવું, પર્વતની ટોચેથી કુદવું, આગમાં ચાલવું વગેરેથી સિધ્ધત્વ પ્રાપ્ત કરી શકાય એવી માન્યતા.

૨) દેવ મુઢતા : ખોટા ભગવાનને માનવા. ગ્રામ્ય દેવતાઓ, દેવીઓ, મનુષ્યના ગુણ ધરાવતા હોય તેવા દેવતાઓમાં અંધશ્રધ્ધા રાખવી કે તેઓ વરદાન કે શ્રાપ આપશે. જેઓ તેમની પ્રાર્થના કરશે, પૂજા કરશે તેના પર આર્શીવાદ આપશે આવી ખોટી માન્યતા રાખવી.

૩) પાખંડી મુઢતા : બનાવટી સાધુમાં શ્રધ્ધા કરવી, તેમને માન આપવું, તેમના ઉપદેશને સત્ય માનવો, પોતાની જાદુઈ અને ગુઢ શક્તિઓથી બગડેલા કામ સારા કરશે એવી ભ્રમણામાં રહેવું.

**આઠ મદ:** આઠ પ્રકારના મદથી દૂર રહેવું.

૧)જ્ઞાનનો મદ

૨) પોતાની પૂજાનો મદ

૩) પોતાના કૂળનો મદ

૪) પોતાની જાતિનો મદ

૫) પોતાના બળનો મદ

૬) પોતાની સંપતિનો મદ

૭) પોતાના તપનો મદ

૮) પોતાની સુંદરતાનો મદ

આ બધા પ્રકારના મદ સ્વાભાવિક પણે મનનું સંતુલન બગડે છે. તેનાથી રાગ અને દ્વેશ પેદા થાય છે. જો આ દૂર ન થાય તો પોતાની જાત પર અભિમાન વધતું જાય છે. એટલે એ જરૂરી છે કે આ પ્રકારના મદથી દૂર રહેવું.

**પાંચ અતિચાર ન હોવા જોઈએ :**

તત્વાર્થ સૂત્રમાં સમ્યક્ દર્શનના નિયમોના ભંગનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

૧) શંકા (વહેમ) : તિર્થંકરની વાણીમાં વહેમ

૨) કંખા : અન્ય ધર્મથી ચમત્કાર થશે અને ભૌતિક સુખ આપશે એવી માન્યતા

૩) વિતિગિચ્છા : ધર્મ પ્રત્યે દ્વેષ રાખવો અથવા ધર્મ ફળ આપશે કે નહી એવી શંકા કરવી. સાધુ-સાધ્વીના મલિન વસ્ત્ર વગેરે વિશે નિંદા કરવી.

૪)અન્યદ્રષ્ટિ પ્રશંસા : બીજાના મતની – ધર્મની પ્રશંસા કરવી

૫) અન્યદ્રષ્ટિ પ્રશમત્વ : અન્ય ધર્મના સાધુ કે વિદ્વવાનો સાથે પરિચય કેળવવો – શ્રધ્ધા રાખવી

**સમ્યક્ દ્રષ્ટિનું મહત્વ :**

જયારે સાચી સમજ અથવા શ્રધ્ધા આવે છે ત્યારે તેનાથી કેટલો ફાયદો થાય છે કે સારું થાય છે તેનું વર્ણન જૈન શાસ્ત્રો કરે છે. શાસ્ત્રો એ પણ કહે છે કે સાચી શ્રધ્ધા વગરનું  સાધુ પણું, સાચી શ્રધ્ધા સાથેના શ્રાવક પણાથી પણ ખરાબ છે. નીચી જાતિનો માણસ પણ સાચી શ્રધ્ધા સાથે હોય તો નૈતિકતાથી મુક્તિ મેળવવાની યોગ્યતા ધરાવે છે.

ટૂંકમાં સમ્યક્ દર્શનને સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની પહેલા મૂકવામાં આવેલ છે કારણ કે એ આત્માને મુક્તિ માટે માર્ગદર્શન આપે છે. સાચી શ્રધ્ધા ન હોય તો જ્ઞાનની પૂર્ણતા અને ચારિત્ર નથી આવતું. સમ્યક્ દર્શન વગરનો ધર્મ એકડા વગરના મીંડા જેવો છે. સમ્યક્ દર્શન મોક્ષ માર્ગનું પ્રથમ સોપાન છે.

| ત્રણ પ્રકારના જીવોને સમ્યક્ દર્શન વગર મોક્ષ નથી | | | |
|---|---|---|---|
| જીવ પ્રકાર | મોક્ષ માર્ગની યોગ્યતા | મોક્ષમાર્ગની સાધન સામગ્રી | સંખ્યા |
| ભવ્ય | હા | હા | અનંતા – મોક્ષની યોગ્યતા છે પણ જરૂરી નથી કે દરેક મોક્ષે જાય જે સમ્યક્ત્વની પ્રાપ્તી કરે જે ગ્રંથીભેદ કરે તે જ મોક્ષે જાય અનંતા ભવ્ય જીવોનો અનંતમો ભાગ મોક્ષે જાય |
| અભવ્ય | ના | હા ઉપયોગી નહી | અનંત પણ ભવ્ય કરતા અનંતમો ભાગ – મોક્ષની ઈચ્છા જ નથી પણ નવમી ગ્રૈવક સુધી જઈ શકે. ૮ તત્વને માને પણ મોક્ષને ન માને. કદાચ ૯ ૧/૨ પૂર્વનો અભ્યાસ પણ હોય |
| જાતિભવ્ય | હા | ના | અનંતા અવ્યવહાર રાશિમાં જ હોય – જાતિભવ્ય નિગોધમાંથી બહાર જ ન નીકળે |

**સમ્યક્ત્વ યોગ્યતા – ભવ્ય જીવ સંજ્ઞિપંચેન્દ્રિય જ હોય. જેના કર્મોની સ્થિતિ એક ક્રોડાક્રોડી સાગરોપમથી ઓછી થઈ હોઈ**

| પ્રકાર | કાળ જઘન્ય | કાળ ઉત્કૃષ્ટ | સંખ્યા | ક્ષેત્ર/સ્પર્શન | વિરહ કાળ |
|---|---|---|---|---|---|
| ઔપશમિક | અંતમુર્હુત | અંતમુર્હુત | સંખ્યાતા | લોકના અસંખ્યાતમાં ભાગ જેટલા છે તેમાં બધા સમકિત જીવો સમાય જાય | જઘન્યથી અંતમુર્હુત અને ઉત્કૃષ્ટથી અર્ધપુદ્ગલ પરાવર્તનથી કંઈક ઓછો કાળ |
| ક્ષાયોપશમિક | અંતમુર્હુત | ૬૬ સાગરોપમ | અસંખ્યાતા | | |
| ક્ષાયિક | સાદિ અનંત | અનંત | અનંત | | |

સમ્યક્ત્વ ૪ થા ગુણસ્થાનથી શરૂ થાય. ઉપશમ ૧૧માં ગુણસ્થાન સુધી રહે, ક્ષાયોપશમિક ૮માં ગુણસ્થાન સુધી રહે અને ક્ષાયિક ૧૪ ગુણસ્થાન સુધી હોય છે.(સિધ્ધને પણ ક્ષાયિક સમ્યક્ત્વ હોય છે તેમ કહેવાય છે.